ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.

ફરિયાદ-૦૩૦૩-૨૦૨૫

ફરિયાદી : શ્રી માવજીભાઇ ઇશ્વરભાઇ વાણીયા
પીપલીધામ, તા. પાટડી
જી. સુરેન્દ્રનગર - ૩૮૨૭૪૫
**Mobile-**૯૦૯૯૩૪૦૬૭૮

વિરુધ્ધ

સામાવાળા : (૧) જાહેર માહિતી અધિકારીશ્રી
પોલીસ ઇન્સપેક્ટરશ્રી
બજાણા પોલીસ સ્ટેશન
બજાણા, તા. પાટડી
જી. સુરેન્દ્રનગર - ૩૬૩૦૨૦

(૨) અપીલ સત્તાધિકારીશ્રી
વિભાગીય પોલીસ અધિકારીશ્રી
નાયબ પોલીસ અધિક્ષકશ્રીની કચેરી
ધ્રાંગધ્રા ડીવીઝન, ધ્રાંગધ્રા
જી. સુરેન્દ્રનગર - ૩૬૩૩૨૦
**Mobile:-942966559**

તા.૨૨/૦૭/૨૦૨૫

શ્રી વિપુલ રાવલ, રાજય માહિતી કમિશનર
ગુજરાત રાજય સમક્ષ

| | | |
|---|---|---|
| નમૂના-કની અરજી | : | તા.૨૦/૦૯/૨૦૨૪ |
| જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર | : | તા.૧૯/૧૦/૨૦૨૪ |
| પ્રથમ અપીલ અરજી | : | તા.૨૮/૧૦/૨૦૨૪ |
| પ્રથમ અપીલ અધિકારીશ્રીનો હુકમ | : | તા.૦૬/૧૨/૨૦૨૪ |
| ફરિયાદની તારીખ | : | તા.૨૦/૦૧/૨૦૨૫ |
| સુનાવણીની તારીખ (વિડિયો કોન્ફરન્સથી) | : | તા.૨૭/૦૬/૨૦૨૫ |

<u>સુનાવણીમાં હાજરી :-</u>

ફરિયાદીશ્રી : ઉપસ્થિત રહેલ હતા.

સામાવાળા : (૧) જાહેર માહિતી અધિકારી અને પોલીસ ઇન્સપેકટરશ્રી બજાણા પોલીસ સ્ટેશન, બજાણા, તા. પાટડી જી. સુરેન્દ્રનગર, કે તેમના કોઇ પ્રતિનિધિશ્રી ઉપસ્થિત રહેલ ન હતા.

(૨) પ્રથમ અપીલ અધિકારી અને વિભાગીય પોલીસ અધિકારીશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રીની કચેરી જી. સુરેન્દ્રનગર, કે તેમના કોઇ પ્રતિનિધિશ્રી ઉપસ્થિત રહેલ ન હતા.

<u>ફરિયાદની ટૂંકી વિગત</u> :-

ફરિયાદીશ્રી દ્વારા માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની નમૂના-ક ની અરજીથી માગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ માહિતી ખોટી, અધૂરી તથા ગેરમાર્ગે દોરનારી હોવાથી તેમજ પ્રથમ અપીલ અધિકારીશ્રી દ્વારા લેવામાં આવેલ નિર્ણય/હુકમથી નારાજ હોવાથી તથા ફરિયાદીશ્રીએ તેમની બીજી અપીલ અરજીમાં જણાવેલ અન્ય કારણો સાથે નમૂના-ક માં માગેલ

માહિતી અપાવવા /સંબંધિતો સામે દંડનીય કાર્યવાહી કરવા /વળતર અપાવવા ફરિયાદીશ્રીએ આયોગ સમક્ષ બીજી અપીલ કરેલ છે.

<u>સુનાવણી દરમિયાન ઉપસ્થિત પક્ષકારો સાથે થયેલ ચર્ચા તેમજ આયોગનું આવલોકન:-</u>

આયોગ સમક્ષની સુનાવણી દરમિયાન ફરિયાદીશ્રીએ રજૂઆત કરેલ કે, તેઓએ બુટલેગર સામે કરેલ ફરિયાદ સંદર્ભે શુ કાર્યવાહી થઇ તેની માહિતી માગેલ. તેઓ જયારે બુટલેગર સામે ફરિયાદ કરવા ગયા ત્યારે તેમને પોલીસ અધિકારીશ્રી દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલ હતી અને તેમની બે વર્ષથી ફરિયાદ નોંધેલ ન હતી.

ફરિયાદીશ્રીની રજૂઆત ધ્યાને લેતા આયોગ માને છે કે, જાહેર માહિતી અધિકારીશ્રી અને પ્રથમ અપીલ અધિકારીશ્રી આયોગ ખાતે હાજર રહેલ નથી જેની આયોગ ગંભીર નોંધ લેતાં સૂચન કરે છે કે, ફરિયાદીશ્રીએ તેમના ઘરની બાજુમાં મારામારીનો બનાવ બનેલો તે સંદર્ભે તા.૧૧/૦૯/૨૦૨૪ ના રોજ એફ.આઇ.આર બજાણા પોલીસ સ્ટેશનમાં નોધવામાં આવેલ છે. આ એફ.આઇ.આર અન્વયે થયેલ કાર્યવાહીની માહિતી માગવામાં આવેલ ત્યારે બજાણા પોલીસ સ્ટેશનથી ઇનચાર્જ પી.આઇએ ફરિયાદીશ્રીને જવાબ કરેલ છે કે, ગુના રજિસ્ટર્ડ નં. ૨૪૦/૨૦૨૪ પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫-એ, મૂજબનો ગુનો દાખલ થયેલ છે અને ફરિયાદીશ્રીએ આયોગ સમક્ષ રજૂ કરેલ એફ.આઇ.આરમાં આવી કોઇ કલમનો ઉલ્લેખ થયેલ જણાતો નથી. તે સંજોગોમાં જાહેર માહિતી અધિકારીશ્રી બજાણા પોલીસ સ્ટેશનને સૂચના અપવામાં આવે છે કે, ફરિયાદીશ્રી જણાવે છે તે પ્રકારનો પ્રોહિબીશન એકટની કલમ અન્વયે વસંત વાણિયા નામની વ્યકિત ગુનો કરતી હોય તો તેવા ગુના બાબતે પણ તપાસ કરવાની રહેશે તેમજ એફ.આઇ.આર નોંધવાની રહેશે.

વધુમાં ફરિયાદીશ્રીને પણ સૂચના આપવામાં આવે છે કે, જો આ વસંત વાણિયા દારૂનો ધંધો કરતો હોય તો તે બાબતનો પુરાવો દિન-૧૫ માં પોલીસ સમક્ષ રજૂ

કરવાનો રહેશે અને પોલીસે ફરિયાદીશ્રી પુરાવો રજૂ કરે તો એફ.આઇ.આર સહિતની કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

વધુમાં જાહેર માહિતી અધિકારીશ્રીને સૂચના આપવામા આવે છે કે, શ્રી માવજીભાઇ ઇશ્વરભાઇ વાણીયા કોઇ પણ પ્રકારની ફરિયાદ દાખલ કરાવવા માટે આવે તો તેની ગંભીરતાથી નોંધ લેવી અને કાયદેસરની કાર્યવાહી કરવી.

સુનાવણી દરમિયાન ફરિયાદીશ્રીએ માહિતી મળવા બાબતે આગ્રહ રાખેલ હોવાથી આયોગે સદર ફરિયાદને 'ફરિયાદ કમ બીજી અપીલ' તરીકે ધ્યાને લઇ નિર્ણય કરવાનું નક્કી કરેલ છે.

આયોગ સમક્ષ રજૂ થયેલ ફરિયાદ અરજી અન્વયે રજૂ થયેલ કાગળો, સુનાવણી દરમિયાન પક્ષકારો દ્વારા કરવામાં આવેલ રજૂઆતો, સ્પષ્ટતાઓ વગેરે તમામ બાબતો ધ્યાને લેતાં આયોગ નીચે મુજબ હુકમ કરે છે.

: હુકમ :

સમગ્ર વિગતે જાહેર માહિતી અધિકારીશ્રી બજાણા પોલીસ સ્ટેશનને સૂચના આપવામાં આવે છે કે, આયોગના હુકમ મળ્યેથી દિન-૨૦માં ફરિયાદીશ્રીની તા.૨૦/૦૯/૨૦૨૪ની નમૂના-ક ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી બજાણા પોલીસ સ્ટેશનને ફરિયાદીશ્રી જણાવે છે તે પ્રકારનો પ્રોહિબીશન એકટની કલમ અન્વયે વસંત વાણિયા નામની વ્યકિત ગુનો કરતી હોય તો તેવા ગુના બાબતે પણ તપાસ કરવાની રહેશે તેમજ એફ.આઇ.આર નોંધવાની રહેશે.

વધુમાં ફરિયાદીશ્રીને પણ સૂચના આપવામાં આવે છે કે, જો આ વસંત વાણિયા દારૂનો ધંધો કરતો હોય તો તે બાબતનો પુરાવો દિન-૧૫ માં પોલીસ સમક્ષ રજૂ કરવાનો રહેશે અને પોલીસે ફરિયાદીશ્રી પુરાવો રજૂ કરે તો એફ.આઇ.આર સહિતની કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

ઉક્ત આદેશ સાથે પ્રસ્તુત ફરિયાદ કમ બીજી અપીલનો આયોગ દ્વારા નિકાલ કરવામાં આવે છે. આ સાથે આયોગ દ્વારા તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રીને આપવામાં આવેલ કારણદર્શક નોટિસ રદ કરવામાં આવે છે.

સહી/-
(વિપુલ રાવલ)
રાજ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવશ્રી વતી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર